# નાના રોકાણકાર માટે તેજી ટકવી જરૂરી

## છેલ્લા થોડા દિવસમાં મોટા ભાગના રિટેલ ટ્રેડર્સે ઓછા-વધતા નુકસાન સાથે વેચાણ જ કર્યું છે

ભાર્ગવ ત્રિવેદી
અમદાવાદ

લોકસભાની ચૂંટણીના પરિણામોએ શેરબજારમાં નવા પ્રાણ ફૂંક્યા છે પરંતુ તે પૂરતું નથી. જો રિટેલ ઇન્વેસ્ટર્સ કે ટ્રેડર્સને શેરબજારમાં સાચા અર્થમાં પાછો લાવવો હશે તો એક સાતત્યસભર તેજીના માર્કેટની જરૂર છે એમ શેરબ્રોકર્સ માને છે. તેમના મતે પાછલા કેટલાક દિવસોમાં રિટેલ બ્રોકિંગમાં જે કોઈ કામકાજ વધ્યાં છે તેમાં વેચાણનો હિસ્સો જ મોટો છે. જ્યાં સુધી બજારમાં કોઈ મિડ-કેપ્સ અને સ્મોલ-કેપ્સ ઉપરાંત કેટલાક લાર્જ-કેપ્સમાં પણ નોંધપાત્ર સુધારો નહીં આવે ત્યાં સુધી બજારમાં રિટેલ હાજરી ટકાઉ નહીં બને.

"જે કોઈ પણ રિટેલર્સે છેલ્લા કેટલાક દિવસોમાં દેખા દીધી છે તેમણે તેમના પોર્ટફોલિયોમાં પડેલા શેરોને ક્યાંક નાના નુકસાન સાથે તો ક્યાંક મોટા નુકસાન સાથે વેચવાનું જ કામ કર્યું છે. પરંતુ હજુ પણ લાખો રોકાણકારો એવા છે જેઓ માટે વર્તમાન ભાવે વેચાણ એ પણ જંગી ખોટનો વેપાર છે. આમાં



નવી ખરીદીનો સવાલ તો તેમના માટે થતો જ નથી." એમ ઊંઝા સ્થિત ક્રિષ્ના મલ્ટિફેરિયસ કન્સલ્ટન્સીના ડિરેક્ટર અમિત જયસ્વાલ જણાવે છે. "જેઓએ વેચાણ કર્યું છે તેઓ નવું ખરીદવા તૈયાર નથી કેમ કે તેમને હજુ બજાર પર વિશ્વાસ નથી. તેઓ ત્યારે જ બજારમાં પરત આવશે જ્યારે તેઓને ખરીદ ભાવોની નજીકના સ્તર જોવા મળશે." એમ જયસ્વાલ ઉમેરે છે. તેમની દલીલના સમર્થનમાં તેઓ સુઝલોનનું દૃષ્ટાંત આપે છે. તેમના ગ્રાહકોમાં કેટલાક એવા છે જેમણે ₹૪૦૦માં સુઝલોન ખરીદ્યો હતો. શેર ઘટતાં સરેરાશ કરી અને તોપણ તે વધુ ઘટ્યો. આવા રોકાણકારને સુઝલોન ₹૭ (પાંચેક મહિના પહેલાંનું તળિયું)ની સપાટી પરથી ત્રણ ગણો વધી ₹૨૨ થાય તો પણ શો ફેર પડે છે એમ તેઓ જણાવે છે. આ ઘટના રિલાયન્સ પાવર, પુંજ લોઇડ અને ડીએલએફ જેવા બ્લૂચિપ્સ માટે પણ એટલી જ સાચી છે. મિડ-કેપ અને પેની સ્ટોક્સમાં રોકાણકારોની સ્થિતિ તો ઘણી ખરાબ છે. જયસ્વાલના મતે રોકાણકારોને ખબર નથી કે તેમના ભાવ આવશે પણ ખરા કે કેમ? ૧૬ મેના રોજ પરિણામ જાહેર થયા બાદ બજારમાં સાત ટ્રેડિંગ સત્રો દરમિયાન બ્રોડ બેઝ તેજીને કારણે પાર્ટિસિપેશનમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો. જેમાં શેરબજારનું કેશ સેગમેન્ટનું કામકાજ સામાન્ય કરતાં નોંધપાત્ર ઊછળ્યું હતું. ગયા સપ્તાહ દરમિયાન બીએસઇ અને એનએસઇ કેશ સેગમેન્ટનું પ્રતિ દિન સરેરાશ કામકાજ ₹૩૧,૦૦૦ કરોડ થયું હતું. જે ચાલુ સપ્તાહના પ્રથમ ત્રણ દિવસ દરમિયાન ઘટાડો દર્શાવી રહ્યું છે. જેનું કારણ પાછલાં ત્રણ ટ્રેડિંગ સત્રોમાં બજારમાં જોવા મળેલી વેચવાલી છે. બુધવારે બજારમાં કુલ ₹૨૩,૦૦૦ કરોડનું કેશ ટર્નઓવર જોવાયું હતું. સોમવાર અને મંગળવાર દરમિયાન મિડ-કેપ્સ અને સ્મોલ-કેપ્સમાં વેચવાલી બાદ બુધવારે જોકે ફરી નાનાં કાઉન્ટર્સમાં લેવાલી જોવા મળી હતી. બજાર વર્તુળો જોકે આગામી સમયગાળાને લઈને આશાવાદી છે. તેઓ માને છે કે બ્લૂચિપ્સમાં જે જાતોએ પાછલાં વર્ષોમાં અન્ડરપર્ફોર્મન્સ દર્શાવ્યું છે તેઓ આગળ પર ચઢિયાતો દેખાવ કરશે અને તેથી રિટેલર્સ માટે બજારમાં પરત ફરવાનો સમય આવી ગયો છે. ''બજારમાં બીજી અને ત્રીજી હરોળના શેરોમાં હજુ ઘણા સુધારાની જગ્યા છે. ઘણા લાર્જ-કેપ્સ પણ નવી ઊંચાઈ દર્શાવશે. ટૂંકા ગાળાના કોન્સોલિડેશન બાદ તેજીનો બીજો દોર આવશે અને તેથી રોકાણકારોએ સાહસ કરીને તક ઝડપવી રહી.'' એમ એચડીએફસી સિક્યોરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ દેવર્ષ વકીલ જણાવે છે. જોકે સહુ રોકાણકારો તેમની વાત માનશે તેમ માનીને ચાલવા જેવું નથી. અમદાવાદ સ્થિત ૬૦ વર્ષીય વિનય શાહ પાસે ₹૭૭ના ભાવના જીએમઆર ઇન્ફ્રાના શેર પડ્યા છે. આઠ મહિના અગાઉ શેર ₹૧૦ની સપાટીએ ગયો ત્યારે પણ સરેરાશ નહોતી કરી અને હાલમાં ₹૩૨ના ભાવે પણ તેમણે સરેરાશ કરવાની ઇચ્છા નથી. તેઓ માત્ર ₹૫૦ના ભાવની અપેક્ષા રાખી રહ્યા છે.